તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ સંવર્ગની ખાલી જગ્યાઓ તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ સંવર્ગના નિવૃત્ત અધિકારીઓને કરાર આધારિત નિમણૂક આપી ભરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઈએસઆર/૧૦૨૦૧૦/૫૭૭/ઝ,
સચિવાલય, ગાંધીનગર
તા. 26 MAR 2010

વંચાણે લીધા

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩/૧૨/૧૯૯૬ અને તા.૨૧/૧૨/૯૮ના
ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૭૭/ગ.૨

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૧/૧૨/૨૦૦૫નો
ઠરાવ ક્રમાંક:આરઇએમ/૧૦૨૦૦૦/યુઓઆર/૮૨/ગ.૨

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૫/૨૦૦૬નો
ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ.૨ (ભાગ-૧)

**ઠરાવ**

રાજ્યની પંચાયતી રાજ વ્યવસ્થા હેઠળ ત્રણેય સ્તરની પંચાયતો મારફતે રાજ્યના વિકાસના કામો તેમજ વિકાસલક્ષી અને પ્રજાકીય અગત્યતા ધરાવતા કાર્યક્રમોની અમલવારી થાય છે. વળી, રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની વ્યક્તિલક્ષી યોજનાઓની અમલવારી માટે તાલુકા વિકાસ અધિકારીઓને વિશેષ કામગીરી અને જવાબદારી સોંપવામાં આવે છે. સંવર્ગની ઘણી જગ્યાઓ હાલ ખાલી છે. રાજ્યની સ્વર્ણિમ વિકાસ યાત્રામાં ગ્રામ વિકાસના કામોને રાજ્ય સરકારશ્રી દ્વારા મહત્તમ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. તેથી આ કામગીરીના અમલીકરણની કામગીરી સાથે સંકળાયેલ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ (તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨) સંવર્ગની તાલુકા વિકાસ અધિકારીઓની મોટા પ્રમાણમાં ખાલી રહેલી જગ્યાઓ ભરવી રાજ્યના વિકાસ તથા પ્રજાકલ્યાણના કામો માટે આવશ્યક છે. આ જગ્યાઓ તાત્કાલીક કઇ રીતે ભરી શકાય તે બાબત સરકારશ્રી દ્વારા વિચારણા હેઠળ હતી. આ જગ્યાઓ સીધી ભરતી કે બઢતીથી તાત્કાલીક ભરી શકાય એમ ન હોઇ, તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ સંવર્ગની ખાલી જગ્યાઓ તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ સંવર્ગના નિવૃત્ત અધિકારીઓને પ્રથમ તબક્કે છ થી બાર માસ માટે ક્રમાંક: ૧ થી ૩ સામે વંચાણે લીધેલ સા.વ.વિ.ના સરકારી ઠરાવો અન્વયેની સુચનાઓ અનુસાર કરાર આધારિત નિમણૂક આપીને ભરવાનું આથી કાળજીપુર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે.

૨. નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારીઓને કરાર આધારિત નિમણૂક આપ[illegible] યોગ્ય અધિકારીઓની પસંદગી કરી, તેમના નામની રાજ્ય સરકારને ભલામણ કરવા માટે નીચે મુ[illegible] પસંદગી સમિતિની આથી રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | વિભાગ/કચેરી | |
|---|---|---|---|
| ૧. | અગ્ર સચિવશ્રી(પં) | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨. | અગ્ર સચિવશ્રી (ગ્રા.વિ.) | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૩. | વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય | વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૪. | અધિક વિકાસ કમિશ્નરશ્રી, | વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |

૩. ઉક્ત પસંદગી સમિતિએ નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારીઓને કરાર આધારિત નિમણૂક આપવા માટેની પસંદગી યાદી બનાવતી વેળા નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે :

(૧) આ પસંદગી યાદી ૬૨ વર્ષની વય વટાવેલ ન હોય, તેવા નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારીઓ પાસેથી અરજી મંગાવીને તૈયાર કરવાની રહેશે.

(૨) જે તે અધિકારી સામેની નિવૃત્તિ સમયેની ખાતાકીય તપાસ/શિક્ષાની બાબત.

(૩) સંબંધિત અધિકારીના છેલ્લા ૧૦ વર્ષના ખાનગી અહેવાલ.( સેવા નિવૃત્ત અધિકારી ઉત્તમ ગુણકક્ષા ધરાવે છે કે કેમ ? તે નક્કી કરવાના હેતુ)

(૪) આ જગ્યાએ કરાર આધારિત નિમણૂક અંગેની અરજીઓ મંગાવતી વેળા એ સ્પષ્ટ કરવામાં આવે કે, સંબંધિત અધિકારીને આ નિમણૂક તેમના વતનના તાલુકા કે વય નિવૃત્તિઓ અગાઉ લાંબા સમયથી એક જ સ્થળ/જગ્યા પર ફરજો બજાવેલ હોય, તે જગ્યાએ મળવાપાત્ર થશે નહિ કે, નિમણૂક આપ્યા બાદ સરકારને જાહેર હિત જણાય તે સિવાય તેઓની બદલી કરવામાં આવશે નહિ.

૪. પસંદગી યાદી પરના અધિકારીઓને કરાર આધારિત નિમણૂક આપતી વેળા પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) આ નિમણૂક વંચાણે લીધેલ ક્રમ (૧)ના તા.૨૩/૧૨/૯૯ના ઠરાવની જોગવાઇ મુજબની શરતોને આધિન આપવાની રહેશે.

(૨) કરાર આધારિત નિમણૂક મેળવાનાર નિવૃત્ત અધિકારીને કરારના ધોરણે નિમણુંકના સમયગાળા દરમ્યાન મળવાપાત્ર માસિક એકત્રિત વેતન સરકારશ્રીની હાલની નીતિ મુજબ તથા તે નીતિમાં જ્યારે પણ પુનઃ વિચારણા થાય ત્યારે પુનઃવિચારણા બાદ નક્કી થયેલ નીતિ અને તારીખથી નિયત થયા મુજબ મળવાપાત્ર થશે. તે મુજબની જોગવાઇ કરાર આધારિત નિમણુંકના હુકમમાં કરવાની રહેશે.

(3) પસંદગી સમિતિએ પસંદગી યાદી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને રજુ કરવાની રહેશે અને વિભાગે વંચાણે લીધેલ ક્રમ (૩)ના ઠરાવની જોગવાઇ મુજબ કરારના ધોરણે નિમણુંક આપવાની દરખાસ્તો અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ મારફત માન.મંત્રીશ્રી (પંચાયત)ને રજુ કરવાની રહેશે.

પ. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા. ૧૫/૩/૨૦૧૦ અને માન. મંત્રીશ્રી(પંચાયત)ની તા.૨૨/૩/૨૦૧૦ની નોંધથી મળેલ મંજૂરી બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ખરી નકલ
૨૬|૩|૧૦

(નિર્વાણ શાહ) ૨૬.૩.૧૦
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન , ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી-સચિવાલય,ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.)-સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પંચાયત),પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,મહેસૂલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો.
- નાણા સલાહકારશ્રી(પંચાયત), નાણા વિભાગ, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર

26 MAR 2010